**શિર્ષક :કૃષિક્ષેત્રે યાંત્રીકરણ - કોઠાસુઝથી ત્રણ પૈડાવાળું મીની ટ્રેકટર વિક્સાવ્યું.**

**ખેડૂતનું નામ :બાબુભાઈ આવડાભાઈ કુછડીયા**

**ઉમર : ૪૭ વર્ષ અભ્યાસ : ૬ ધોરણ**

**જમીન : ૫.૨ એકર ગામ : કુછડી તા. જી : પોરબંદર**

**મોબાઈલન : ૦૯૯૭૯૩૬૨૬૧૩**

**કૃષિક્ષેત્રે નવીનતમ કામગીરી :**

તેઓશ્રીએ પોતાની આગવી કોઠાસુઝથી સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ સંશોધનોનો ઉપયોગ કરી ત્રણ પૈડાવાળું મીની ટ્રેકટર બનાવેલા છે. જેનું વજન ચાર પૈડા વાળા ટ્રેકટર કરતા પચાસ ટકા ઓછુ હોવાથી ભેજ વાળા ખેતરમાં ખેડ઼કાર્યો થઇ શકે છે. પાકની હાર પ્રમાણે બે પૈડા વચ્ચેનો ગાળામાં ઝડપથી ફેરફાર કરી શકાય છે. ત્રણ પૈડા હોવાથી ત્યાં ને ત્યાં જ વાડી શકાય છેપ તેમાં બળતણનો વપરાસ પ્રતિ કલાક ૦.૫ લાટર જેટલો થઇ છે અને જાળવણી ખર્ચ ઘણોજ ઓછો છે.

કામગીરીની અસર અને ઉપયોગીતા :

ત્રણ પૈડા હોવાથી અને વજન ઓછુ હોવાથી વાળવામાં સમયનો વ્યય ઓછો થવાથી ફિલ્ડ કેપેસીટી તથા ચોક્કસ બળતણનો (સ્પેસીફીક ફયુલ કમપ્રેસન) વપરાસ ઓછો થાય છે. આ મીની ટ્રેકટરથી ખેતકાર્યો જેવાકે જમીનની તૈયારી, વાવણી, આંતરખેડ વિ. સરળતાથી થઇ શકે છે. બળદની જોડીથી થતા ખેતી ખર્ચ (રૂ. ૯૨.૦૦ પ્રતિ કલાક) ની સરખામણીએ આ મીની ટ્રેકટરથી રૂ. ૬૮.૦૦ પ્રતિ કલાક થઇ છે જેથી રૂ.૨૪.૦૦ પ્રતિ કલાકનો ફાયદો થાઈ છે. પ્રતિ હેકટર ખર્ચ લગભગ અડધો થઇ છે. પાકની હાર પ્રમાણે બે પૈડા વચ્ચેનો ગાળામાં ઝડપથી ફેરફાર કરી શકાતો હોવાથી દરેક પાક માટે અનુકુળ છે અને જાળવણી ખર્ચ પણ ઘણોજ ઓછો છે. આ ઉપરાંત તેઓએ સેન્દ્રીય ખાતર ચાસમાં વાવવા માટેનો વાવણીયો પણ વિકસાવેલ છે.



